રાજ્યમાં નવા ૫૧૦ કેસ, વધુ ૩૧ નાં મોત

મૃત્યુઆંક ૧૫૯૨ થયો, રાજ્યમાં ૩૮૯ દર્દી સાજા થઇને ઘરે ગયા હતા : કુલ સાજા થવાની સંખ્યા ૧૭૮૨૯ થઇ

ગાંધીનગર, તા.૧૮

રાજ્યમાં આજે સતત છઠ્ઠા દિવસે અને જૂન માસમાં નવમી વખતે કોરોના પોઝિટિવનો આંકડો પાંચસો ઉપરગયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૧૦ નવા કોરોના કેસ થતાં કુલ સંક્રમિતોનો આંકડો ૨૫૬૫૮ થયો છે. રાજ્યમાં આજે ૩૧ વ્યક્તિઓના મોત થતાં કુલ મૃત્યુઆંક ૧૫૯૨ થયો છે. રાજ્યમાં ૩૮૯ દર્દી સાજા થઈને ઘરે ગયા હતા. કુલ સાજા થવાની સંખ્યા ૧૭૮૨૯ થઈ છે. રાજ્યમાં આજે ૬૧ વક્તિ વેન્ટીલેટર પર છે. રાજ્યમાં આજે ૫૦૭૩ ટેસ્ટ કરોનાના કરવામૌં આવ્યા હતા. રાજ્યમાં જૂન માસમાં દરમિયાન કોરોના પોઝિટિવના સતત વધતા જતાં કેસ આરોગ્ય વિભાગ માટે ચિંતાનો વિષય બની રહ્યો છે. રાજ્યમાં આજે ૩૧ વ્યક્તિઓના મોત કોરોનાને કારણે થયા હતા જેમાં અમદાવાદમાં ૨૨, સુરતમાં ૬, પાટણ, ગાંધીનગર અને છોટાઉદેપુરમાં ૧-૧ વ્યક્તિઓના મૃત્યુ નિપજ્યા છે. અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૧૫૯૨ મૃત્યુ નોંધાયા છે. રાજ્યમાં

અત્યાર સુધીમાં ૩૦૮૭૪૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે. અમદાવાદની સ્થિતિ દિવસે ને દિવસે ગંભીર બનતી જાય છે.

આજે અણદાવાદમાં ૩૧૭ નવા કેસ કોરોના પોઝિટિવના નોંધાતા કોરોના સંક્રમિતોનો કુલ આંકડો ૧૭૯૪૬ થયો છે. સુરતમાં આજે એક સાથે છ કોરોના દર્દીઓના મોત થતાં મૃત્યુઆંક ૧૧૨ થયો છે. વધુ ૮૨ કેસ સાથે કુલ કેસ ૨૮૬૧ થયા છે. વડોદરામાં ૪૩ વધુ કેસ નોંધાતા કોરોનાના કુલ કેસ ૧૭૨૫ થયા છે જ્યારે ગાંધીનગરમાં ૧૧ નવા કેસ સાથે કુલ ૫૩૧ કેસ થયા છે જ્યારે આજે એનું મોત થતાં મૃત્યુઆંક ૨૩ ઉપર પહોંચ્યો છે. ભરુચમાં નવ, જામનગરમાં ૭, આણંદ-૬, અરવલ્લી અને પાટણમાં ૫-૫, ભાવનગરમાં ૪, બનાસકાંઠા અને નવસારીમાં ૩-૩, સાબરકાંઠા, પંચમહાલ અને અમરેલીમાં ૨-૨, રાજકોટ, ખેડા, બોટાદ, સુરેન્દ્રનગર, જૂનાગઢ, નર્મદા અને મોરબીમાં ૧-૧ નોંધાયા હતા જ્યારે અન્ય રાજ્યના ૨ કેસ નોંધાયા હતા. રાજ્યમાં આજે કુલ ૬૨૩૯ એક્ટિવ કેસ કોરોના હતા જ્યારે વેન્ટીલેટર પર ૫૧ અને સ્ટેબલ ૬૧૭૮ દર્દીઓ છે. રાજ્યમાં કુલ ૨૧૦૮૦૩ વ્યક્તિઓને ક્વોરનટાઈન કરવામાં આવ્યા છે જે પૈકી ૨૦૬૭૭૦ વ્યક્તિઓને હોમ ક્વોરનટાઈન છે અને ૪૦૩૩ વ્યક્તિઓ ફેસિલીટી ક્વોરનટાઈન રાખવામાં આવ્યા છે.

બોપલ કોરોનાનું નવું હોટસ્પોટ

અમદાવાદ, તા. ૧૮

બોપલ વિસ્તાર અમદાવાદ નજીક કોરોનાનું નવું હોટસ્પોટ બની રહ્યું છે. દસક્રોઈ તાલુકામાં નોંધાયેલા ૧૫૩ કેસોમાંથી અંદાજે ૪૫ ટકા જેટલા કેસ બોપલમાં સામે આવ્યા છે. બોપલ-ઘુમા નગરપાલિકા આ તાલુકામાં જ આવે છે. પાછલા અઠવાડિયાથી નગરપાલિકામાં કોરોનાના ૨૭ નવા કેસો સામે આવી ચૂક્યા છે. ૧૭મી માર્ચથી ૧૦ મે સુધી અહીં માત્ર ૩૯ કેસ નોંધાયા હતા. નગરપાલિકાની હદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને અડીને આવેલી છે. બોપલ-ઘુમામાં વધી રહેલા નવા કેસનો સોર્સ શું છે તે વિશે અધિકારીઓ પણ સ્પષ્ટ નથી. નગરપાલિકામાં પાછલાઅઠવાડિયે જ ૨૫ ટકા કેસો સામે આવ્યા છે. બોપલના આરોહી ક્રેસ્ટમાં રહેતું કપલ વર્ક ફ્રોમ હોમ કરે છે અને પોતાના વિસ્તારમાંથી ક્યાંય બહાર ગયું નહોતું. આવી જ રીતે આરોહી ટ્વિન બંગ્લોઝમાં પોઝિટીવ આવેલી વ્યક્તિ પણ સોસાયટીમાંથી બહાર નહોતી ગઈ. અધિકારીએ જણાવ્યું કે, સમસ્યા વિસ્તારના શાકભાજી અને ફળ વિક્રેતાઓથી લાગે છે, જેમનું સ્વાસ્થ્ય મોનિટર કરાયું નથી.

માફી માગવા માટે દ્વારકા પહોંચેલા બાપુ ઉપર પભુભા દ્વારા હુમલાનો પ્રયાસ

અમદાવાદ, તા.૧૮

કથાકાર મોરારી બાપુએ ભગવાન કૃષ્ણ અંગે કેરલ વિવાદાસ્પદ નિવેદન બાદ આજે દ્વારકામાં માફી માંગવા માટે જતાં પૂર્વ ધારાસભ્ય પભુભા માણેકે મોરારી બાપુ પર હુમલો કરતા ભાજપના સાંસદ પૂનમ માડમે વચ્ચે પડતા મોરારી બાપુને બચાવ્યા હતા. કથાકાર મોરારી બાપુએ ભગવાન કૃષ્ણ અંગે વિવાદાસ્પદ નિવેદન કરતા તેના ઘેર પ્રત્યાઘાત આહીર સમાજ સહિત સમાજના વિવિધ વર્ગોમાં પડ્યા હતા. મોરારી બાપુએ તાજેતરમાં એક વિડિયો બહાર પાડી લોકોની લાગણી દુભાવવા બદલ માફી માંગી હતી. જો કે, આહિર સમાજ સહિતના લોકો મોરારી બાપુ સામે રોષે ભરાયા હતા અને આહિર સમાજની માંગણી હતી કે, મોરારી બાપુ દ્વારકામાં આવીને ભગવાન કૃષ્ણની માફી માંગે. મોરારી બાપુ પ્રેસ કોન્ફરન્સ સંબોધી રહ્યા હતા તે સમયે પભુભા અચાનક આવ્યા અને હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, પૂનમ માડમે વચ્ચે પડીને મોરારી બાપુને બચાવી લીધા હતા. સંસદ સભ્ય પૂનમ માડમ મોરારી બાપુની બાજુમાં જ બેઠા હતા તેથી પભુભા જેવો હુમલો કરવા દોડ્યા તેવા જ પૂનમ માડમે તેમને રોકી રાખ્યા હતા. આ દરમિયાન એક યુવાન પભુભાને બહાર લઈ ગયો હતો. તેમ છતાં પભુભાનો રોષ શાંત ન પડતા તેઓ ફરી હુમલો કરવા દોડ્યા હતા. આ સમયે પણ મહિલા સાંસદે તેમને રોકી લીધા હતા.

આજે ગાંધીનગરમાં રાજ્યસભાની ૪ બેઠક માટે મતદાન : ભાજપ અને કોંગ્રેસમાં ઉચાટ

મતદાન કેન્દ્ર નજીક કોરોના વોર્ડ ઊભો કરાયો : કન્ટેઈનમેન્ટ ઝોનના ધારાસભ્યને પણ કોરોના વોર્ડમાં જ મતદાન કરાવાશે, ડોક્ટર્સ અને મેડિકલ ટીમ હાજર રહેશે

ગાંધીનગર, તા. ૧૮

આવતી કાલે ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીને લઈ મતદાન યોજાશે. જેને લીધે ચૂંટણીને લઈ પૂરજોશમાં તૈયારીઓ ચાલુ થઈ ગઈ છે. હાલમાં રાજ્યમાં બંને પક્ષો દ્વારા એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે. એક તરફ રાજ્યમાં કોરોના કહેર ચાલી રહ્યો છે ત્યારે એવામાં ગાંધીનગર ખાતે રાજ્યસભા ચૂંટણી માટે મતદાન કેન્દ્ર પાસે કોરોના વોર્ડ ઉભો કરવામાં આવ્યો છે. મહત્વનું છે કે આવતી કાલે રાજ્યસભા ચૂંટણીનું મતદાન છે જેને લીધે કોરોના દર્દીઓનાં સંપર્કમાં આવેલા ધારાસભ્યોને કોરોનાનાં વોર્ડમાં રાખવામાં આવશે. એવાં ધારાસભ્યને કોરોના વોર્ડમાં મતદાન કરાવાશે તથા પોઝિટીવમાંથી નેગેટિવ થયેલા ધારાસભ્યને પણ કોરોના વોર્ડમાં મતદાન કરાવાશે. કન્ટેઈનમેન્ટ ઝોનમાં રહેતાં ધારાસભ્યને પણ કોરોના વોર્ડમાં જ મતદાન કરાવાશે. મતદાન કેન્દ્ર પાસે ઊભા કરેલા વોર્ડમાં ડૉક્ટર અને મેડિકલ ટીમ પણ હાજર રહેશે અને સંક્રમિત વ્યક્તિનાં સંપર્કમાં આવેલા ધારાસભ્યને છેલ્લે મતદાન કરાવાશે. તમને જણાવી દઈએ કે, કેન્દ્રીય ચૂંટણીપંચની ગાઈડલાઈન પ્રમાણે આ વોર્ડ ઉભો કરાયો છે. આરોગ્ય અધિકારીની નોડલ અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આવતી કાલે તારીખ ૧૯ જૂનનાં રોજ રાજ્યમાં ચાર બેઠકો માટે રાજ્યસભાની ચૂંટણી માટે મતદાન થશે. સવારનાં ૯.૦૦ થી સાંજનાં ૪.૦૦ વાગ્યા સુધી મતદાન થશે. ત્યાર બાદ સાંજે ૫.૦૦ વાગ્યે મતગણતરી યોજાશે. આ ચૂંટણીમાં કોંગ્રેસમાંથી શકિતસિંહ ગોહિલ અને ભરતસિંહ સોલંકીને મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે ભાજપમાં અભય ભારદ્વાજ, રમિલાબેન બારા અને નરહરિ અમીન મેદાનમાં ઉતર્યા છે. પરંતુ તમને જણાવી દઈએ કે આ પહેલાં રાજ્યસભાની ચૂંટણી ૨૬ માર્ચ ૨૦૨૦નાં રોજ યોજાવાની હતી. પરંતુ કોરોનાનાં લોકડાઉનને કારણે ચૂંટણીને મોકૂફ રખાઈ હતી.

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન
Indian Institute of Teacher Education
(State Public University of Government of Gujarat)
Near Mahatma Mandir, KH-Road, Sector-15,
Gandhinagar (Gujarat)-382016

બી.એડ. પ્રવેશ : ૨૦૨૦

૦૨ વર્ષીય રેગ્યુલર બી.એડ. કોર્સમાં આઈ.આઈ.ટી.ઈ. સંલગ્ન નીચેની સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે વેબસાઈટ www.iite.ac.in ઉપર ઓનલાઈન અરજી કરવાની રહેશે.
અરજી કરવાની છેલ્લી તારીખ : ૬/૭/૨૦૨૦ રહેશે.

જિલ્લો : ગાંધીનગર
૧. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર
જિલ્લો : અમદાવાદ
૨. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેર
૩. શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, અમદાવાદ-ગ્રામ્ય (ફક્ત મહિલાઓ માટે)
૪. શ્રીમતી ઉલ્લાસબેન ગોરધનદાસ કોલેજ ઓફ એજ્યુકેશન, અમદાવાદ
૫. પ્રકાશ કોલેજ ઓફ એજ્યુકેશન, અમદાવાદ
૬. વૈદ્ય શ્રી એમ.એમ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, અમદાવાદ
૭. શ્રી એમ.એન. શુક્લ કોલેજ ઓફ એજ્યુકેશન, અમદાવાદ
૮. શ્રીમતી એમ.એન.કે. દલાલ એજ્યુકેશન કોલેજ ફોર વુમન, અમદાવાદ (ફક્ત મહિલાઓ માટે)
૯. એ. જી. ટીચર્સ કોલેજ, અમદાવાદ
જિલ્લો : ખેડા
૧૦. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, કઠલાલ-ખેડા
જિલ્લો : આણંદ
૧૧. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, આણંદ
૧૨. આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ (ફક્ત મહિલાઓ માટે)
૧૩. શ્રીમતી બી.સી.જે. કોલેજ ઓફ એજ્યુકેશન, ખંભાત
૧૪. શ્રીમતી એસ.આઈ. પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદ
૧૫. શ્રી આર.પી. અનડા કોલેજ ઓફ એજ્યુકેશન, બોરસદ
૧૬. એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ
૧૭. એચ.એમ.પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈંગ્લિશ ટ્રેઈનીંગ એન્ડ રીસર્ચ, વલ્લભ વિદ્યાનગર
જિલ્લો : વડોદરા
૧૮. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરા
૧૯. શેઠ મોતીલાલ નાથાભાઈ કોન્ટ્રાક્ટર કોલેજ ઓફ એજ્યુકેશન, ડભોઈ
જિલ્લો : પંચમહાલ
૨૦. શ્રી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન, ગોધરા
જિલ્લો : કચ્છ
૨૧. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભૂજ
૨૨. એસ. ડી. શેઠિયા કોલેજ ઓફ એજ્યુકેશન, મુંદ્રા
જિલ્લો : મહેસાણા
૨૩. સેકન્ડરી ટીચર્સ ટ્રેઈનીંગ કોલેજ, વિસનગર
૨૪. સ્વામી વિવેકાનંદ સર્વોદય બેંક એજ્યુકેશન કોલેજ, મહેસાણા
જિલ્લો : પાટણ
૨૫. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ
૨૬. લીલાવતી નંદલાલ કિલાચંદ કોલેજ ઓફ એજ્યુકેશન, પાટણ
જિલ્લા : બનાસકાંઠા
૨૭. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાલનપુર
૨૮. ડી.ડી. ચોક્સી કોલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, પાલનપુર
જિલ્લો : સાબરકાંઠા
૨૯. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, (સરકારી મહિલા બી.એડ. કોલેજ), ઈડર
૩૦. કોલેજ ઓફ એજ્યુકેશન, દરામલી
જિલ્લો : અરવલ્લી
૩૧. ગવર્મેન્ટ બી. એડ. કોલેજ, મેઘરજ
૩૨. બી.ડી. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન, મોડાસા
જિલ્લો : નર્મદા
૩૩. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજપીપળા
જિલ્લો : છોટાઉદેપુર
૩૪. ગવર્મેન્ટ બી. એડ. કોલેજ, નસવાડી
જિલ્લો : ભરૂચ
૩૫. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભરૂચ
૩૬. કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ
જિલ્લો : સુરત
૩૭. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત
૩૮. વી.ટી. ચોક્સી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન, સુરત
૩૯. ગવર્મેન્ટ બી. એડ. કોલેજ, કાચ્છલ
૪૦. શ્રીમતી વાસંતીબેન રણછોડભાઈ ભક્ત કોલેજ ઓફ એજ્યુકેશન, કામરેજ, સુરત
જિલ્લો : તાપી
૪૧. સ્નાતક અધ્યાપન મંદુર, વેડછી
જિલ્લો : નવસારી
૪૨. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, નવસારી
૪૩. ગવર્મેન્ટ બી. એડ. કોલેજ, વાંસદા
૪૪. શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા
જિલ્લો : ભાવનગર
૪૫. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભાવનગર
૪૬. શ્રી જી. એચ. સંઘવી શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગર
જિલ્લો : અમરેલી
૪૭. જીવરાજ મહેતા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી
જિલ્લો : રાજકોટ.
૪૮. શ્રીમતી જે. જે. કુંડલીયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ, રાજકોટ
૪૯. શ્રી પી.ડે. માલવીયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ, રાજકોટ
૫૦. ઈન્સ્ટિટ્યુટ ઓફ લેંગ્વેજ ટીચીંગ, રાજકોટ (અંગ્રેજી માધ્યમ)
જિલ્લો : જુનાગઢ
૫૧. સુભાષ મહિલા કોલેજ ઓફ એજ્યુકેશન, જુનાગઢ (ફક્ત મહિલાઓ માટે)
જિલ્લો : પોરબંદર
૫૨. શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પોરબંદર
જિલ્લો : દેવભૂમિ દ્વારકા
૫૩. શ્રી શારદાપીઠ આર્ટ્સ, કોમર્સ એન્ડ એજ્યુકેશન કોલેજ, દ્વારકા
જિલ્લો : જામનગર
૫૪. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જામનગર
૫૫. દરબાદ ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલીયાબાડા
જિલ્લો : સુરેન્દ્રનગર
૫૬. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર
૫૭. શ્રી સી.એચ. શાહ મૈત્રી વિદ્યાપીઠ મહિલા કોલેજ ઓફ એજ્યુકેશન, સુરેન્દ્રનગર
૫૮. શ્રીમતી એમ.એમ. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન, વઢવાણ
કેન્દ્રશાસિત પ્રદેશ : દમણ
૫૯. શ્રી માછી મહાજન એજ્યુકેશન સોસાયટી સંચાલિત કોલેજ ઓફ એજ્યુકેશન, નાની દમણ

● આ સંસ્થાઓનું જોડાણ આઈ.આઈ.ટી.ઈ., ગાંધીનગર ખાતે હોવાથી પ્રવેશ માટેની અરજી માત્ર આઈ.આઈ.ટી.ઈ. ખાતે કરવાની રહેશે. સ્નાતક અને અનુસ્નાતકના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, જેઓની પરીક્ષા બાકી હોય કે પરિણામ જાહેર થવાનું હોય તો પણ તેઓ પ્રવેશ માટે ઓનલાઈન અરજી કરી શકશે.

તા. ૧૮/૬/૨૦૨૦ — કુલસચિવ
માહિતી/૨૮૬/૨૦-૨૧ — આઈ.આઈ.ટી.ઈ

ડાકોરના ઠાકોરજીના દર્શન માટે ભાવિકો ઉમટી પડ્યાં

ડાકોર, તા. ૧૮

યાત્રાધામ ડાકોર મંદિરના દ્વાર આજે ખૂલતા જ ભાવિક ભક્તોની આતુરતાનો અંત આવ્યો છે. ૮૮ દિવસથી રાજા રણછોડના કપાટ બંધ હતા, ત્યારે આજથી ૫ દિવસ માટે ફક્ત ડાકોરના સ્થાનિક ભક્તો જ દર્શન કરી શકશે. ત્યારબાદ તબક્કાવાર અન્ય ભાવિકોના દર્શન માટે દરવાજા ખુલ્લા કરાશે. કોવિડ-૧૯ની ગાઈડલાઈનના ચુસ્ત પાલન સાથે ભક્તો દર્શન કરી શકશે. યાત્રાધામ ડાકોરમા રાજા રણછોડના દર્શન કરવા માટે ભક્તો ભારે આતુર હતા. ગુજરાતમાં મોટાભાગના મંદિરો તબક્કાવાર ખોલી દેવાયા છે. ત્યાર ૧૮ જૂને ડાકોરના મંદિરના દ્વાર ખૂલશે તેવી ટ્રસ્ટ દ્વારા જાહેરાત કરાઈ હતી. પરંતુ એવુ પણ જણાવાયું હતું કે, માત્ર ડાકોરના સ્થાનિક નાગરિકો માટે જ મંદિરના દરવાજા ખોલાશે. ડાકોરના મંદિરમાં મેનેજર અને સેવક આગેવાનો વચ્ચે મળેલ બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. ૧૮ જૂનથી તારીખ ૨૩ જૂન સુધી ફક્ત ડાકોરના ભક્તો માટે દર્શન વ્યવસ્થા કરાઈ છે. ડાકોરના ભક્તો પોતાનું આઈડી બતાવીને દર્શ કરી શકશે. ૨૩ જૂન બાદ બહારના ભક્તો માટે વ્યવસ્થા કરવામાં આવશે. આ પાંચ દિવસ ડાકોરના આયોજકો માટે ટેસ્ટિંગ સમાન કહી શકાશે. જેથી તેના બાદ સોશિયલ ડિસ્ટન્સિંગ વચ્ચે ભીડને કેવી રીતે કાબૂમાં કરી શકાય તેનું નિરીક્ષણ અને પ્લાનિંગ કરાશે.

પાલનપુરમાં વધુ ત્રણ કેસ નોંધાયા

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુરમાં કોરોનાનો કહેર દિવસે દિવસે વધી રહ્યો છે. જ્યાં ગુરૂવારે એક સાથે ત્રણ વ્યકિતઓના કેસ પોઝિટિવ આવતાં શહેરીજનોમાં ભારે ફફડાટ પ્રસરી ગયો છે. દરમિયાન શહેરમાં કોરોના પોઝિટિવ દર્દીઓની કુલ સંખ્યા ૧૧ અને જિલ્લામાં આંક ૧૫૯ પહોચ્યો છે. જ્યારે અત્યાર સુધીમાં આઠ વ્યકિતના મોત નિપજી ચૂક્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે. એક પછી એક કેસ વધતાં લોકોમાં ફફડાટ પ્રસરી રહ્યો છે. જ્યાં જિલ્લા મથક પાલનપુરમાં ગુરૂવારે એક સાથે ત્રણ કેસ પોઝિટિવ નોંધાયા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનિષ ફેન્સીએ જણાવ્યું હતુ કે, પાલનપુર આકેસણ રોડ નજીક આવેલી સીટીલાઈટ રેસીડન્સીમાં રહેતો યુવક, વે – વેઈટ હોટલની પાછળના વિસ્તારમાં રહેતો યુવક અને એગોલા રોડ શાંતિ નિકેતન સોસાયટીમાં રહેતા યુવકનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેમને તાત્કાલિક કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જ્યારે તેમના સંપર્કમાં આવેલા પરિવાર તેમજ અન્ય લોકોને હોમ કોરેન્ટાઇન કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પાલનપુર શહેરમાં બહારના શહેરો જેવા કે, અમદાવાદ, સુરત, મુંબઈથી આવેલા લોકો કોરોનાનો ચેપ લઈને આવ્યા છે. જે શહેરમાં સંક્રમણ વધારી રહ્યા છે. શહેરમાં અત્યાર સુધીમાં કોરોના પોઝિટિવ દર્દીઓની કુલ સંખ્યા ૧૧ અને જિલ્લામાં આંક ૧૫૯ પહોચ્યો છે. જ્યારે અત્યાર સુધીમાં આઠ વ્યકિતના મોત નિપજી ચૂક્યા છે.

સમીક્ષા કરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરેલ પહેલ, તંત્ર દ્વારા હાથ ધોવાની કીટનું કરાયેલ વિતરણ, આયુષ તંત્ર દ્વારા હાથ ધરાયેલ ઉકાળા વિતરણ સહિતની કામગીરીને બિરદાવી પણ હતી.

તેમણે કહ્યુ હતુ કે સેમ્પલીંગ વધારવામાં આવે એટલુ જ નહિ સર્વેન્સની કામગીરીને પણ સઘન બનાવવા પર ભાર મુક્યો હતો.

શિવહરેએ પ્રાયવેટ હોસ્પિટલમાંથી કયા વિસ્તારમાં સૌથી વધારે પોઝીટીવ નીકળે છે અથવા સૌથી વધારે ઓ.પી.ડી.માં આવે છે તેની તંત્ર વિગતવાર માહિતી મેળવી વિશ્લેષણ કરે. પ્રાયવેટ હોસ્પિટલમાં નવી એન્ટીજન સેમ્પલ કીટ આવેલ છે તેની માહિતી આપી અને તે સેમ્પલ કીટનો ઉપયોગ કરી સેમ્પલીંગ વધુ કરવા જણાવ્યુ છે.

તેમણે સ્લમ વિસ્તારમાં સઘન કામગીરી કરી નવા કેસ શોધવા આગ્રહ કર્યો હતો. પ્રાયવેટ હોસ્પિટલમાં 'કોરોના લાઈક સિમ્ટોમ્સ' દર્દી વિશે અલગ તારણ કાઢવા પર ભાર મુક્યો હતો.

કલોલમાં દરેક સરકારી કચેરી પાસે વોશબેસીન મુકી હેન્ડવોશ લોકો કરે તેના પર પણ ભાર મુક્યો હતો એટલુ જ નહિ દરેક ઓફિસમાં સેનીટાઈઝરનો પણ ઉપયોગ થાય તે જોવા જણાવ્યુ હતુ. શાકભાજીના ફેરિયાઓ દ્વારા પણ સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાય તેમજ તેમને હેલ્થકાર્ડ આપવામાં આવે તેવો આગ્રહ પણ તેમણે કર્યો હતો.

આ સમીક્ષા બેઠકમાં જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાન, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. પ્રજાપતિ, કલોલ પ્રાંત અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી સહિત અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગભરાવાની જરૂર નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને ૩૨ મિનિટે ગ્રહણનો મોક્ષ થશે. મિથુન રાશિમાં થનારા આ સુર્યગ્રહણની કોઈ ભયંકર અસર થશે નહીં. જયારે જયોતિષીઓના મતે રાશિ મુજબ અલગ અલગ અસરો વર્તાશે. ગ્રહણના સમયકાળ દરમિયાન ગર્ભવતી સ્ત્રીઓ તેમજ રોગીષ્ટોએ ગ્રહણ જોવુ નહીં. મહાચુડામણી યોગના આ ગ્રહણના સમયમાં પુણ્યદાન , જપતપ કરવાથી પણ વિશેષ લાભ થાય આ સમયગાળામાં જપતપ કરવુ વધુ લાભદાયી છે. ગ્રહણના સમયકાળમા ધર્મચુસ્ત માણસો રસોડામાં , ફ્રીજ કે પાણીને અડતા નથી. જો કે હવે કોરોનાએ આ સઘળી વાતનુ જ્ઞાન પણ આપી દીધુ છે. ગ્રહણના મામલે એક સચોટ અભ્યાસ પણ ધ્યાને આવ્યો છે અગાઉના સમયગાળામાં એક વિધ્વાનના જણાંવ્યા મુજબ યુરોપિયન વૈજ્ઞાનિકને જીજ્ઞાસા ઉત્પન્ન થઈ કે ગ્રહણ વેળાએ સ્નાન શા માટે કરવામાં આવે છે. જયારે આ દરમિયાન ગ્રહણ પુરબહારમાં હતુ ત્યારે યુરોપિયન વૈજ્ઞાનિકે યંત્રો દ્વારા આ સમયમાં ઉભા થતા વિષાણુઓનો તાગ મેળવ્યો જયારે સ્નાનના અંતે ગ્રહણ પુર્તિ બાદ પણ આ વાતની ચકાસણી કરી તો ગ્રહણ બાદ બેકટેરીયા કે વિષાણુઓ પણ અદ્રશ્ય થઈ ગયા હતા.આમ ભારતીય વિધ્વાને પણ યુરોપિયન વૈજ્ઞાનિકનો ઉલ્લેખ કરી આ વાતની નોંધ કરી છે. આગામી તા ૨૧ જુનના રોજ થનારા ગ્રહણથી ડરવાની કે ગભરાવાની જરૂર જણાંતી નથી.

કરાર ૨૬

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેઓએ આ બાબતે ધ્યાન આપ્યું નથી. દરમિયાનમાં વિદેશી મંત્રી જયશંકર પ્રસાદે જણાવ્યું હતું કે બોર્ડર પર ડ્યુટી પર તહેનાત બધા સૈનિકોના પાસે હથિયાર હોય છે, ખાસ કરીને તેઓ તેમની પોસ્ટથી દૂર જાય ત્યારે. ગલવાનમાં ૧૫ જૂને પણ આવું બન્યું હતું. લાંબા સમયથી ચાલી રહેલી પ્રક્રિયાઓનો અંતર્ગત (૧૯૯૬ અને ૨૦૦૫ ની સમજૂતીના અંતર્ગત) અથડામણ દરમિયાન હથિયારનો ઉપયોગ થતો નથી. આ દરમિયાન ઉત્તર પ્રદેશના કાનપુરના રહેવાસીઓએ પ્રતિકાત્મક રૂપે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની અંતિમ યાત્રા કાઢી હતી. ગલવાન ઘાટીમાં ભારત-ચીન વચ્ચેની અથડામણમાં ૨૦ ભારતીય સૈનિકો શહીદ થયા હતા જેના વિરોધમાં અહીંના લોકોએ અંતિમ યાત્રા કાઢી હતી. આ ઉપરાંત બિહારમાં પપ્પુ યાદવે અનોખો વિરોધ કરતા જેસીબી મશીન પર ચઢીને ચીનના મોબાઈલ ફોનનું બેનર કાળું કરી નાખ્યું હતું. બિહારના ચિત્તમાં લોકોએ ગધેડા પર ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને રક્ષા મંત્રીનો ફોટો પહેરેલો ફોટો દર્શાવ્યો.

સુપ્રીમની રોક

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેમ કે સુપ્રિમની જેમ ગુજરાત હાઈકોર્ટમાં પણ અમદાવાદની ઐતિહાસિક રથયાત્રાને વર્તમાન પરિસ્થિતિને જોતાં મોકૂફ રાખવાની દાદ માંગતી રીટ અરજી કરી છે. તો બીજી તરફ ગુજરાત સરકાર દ્વારા પણ રથયાત્રા યોજવાના મામલે પોલીસ બંદોબસ્ત સહિત કોઈ ખાસ તૈયારીઓ કરવામાં આવી નહોતી. અને સરકાર પણ કોરોનાના સંક્રમણને રોકવા રથયાત્રા મોકૂફ રાખવાના મતમાં છે ત્યારે .સુપ્રિમ કોર્ટે પૂરીની રથયાત્રા પર રોક લગાવતાં ગુજરાત સરકાર પણ તેનું કારણ આગળ ધરી શકે.

દેશમાં કોરોના વાયરસના પ્રકોપને જોતા સુપ્રીમ કોર્ટે પુરીની રથ યાત્રા પર રોક લગાવી દીધી છે. સુપ્રીમે કહ્યું કે જનહિત અને લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ વર્ષ માટે રથ યાત્રાને મંજુરી આપી શકીએ તેમ નથી.

દેશમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

૫૦,૧૯૩ પર પહોંચી હઈ છે. રાજ્યમાં કોરોનાને કારણે અત્યાર સુધી ૫૭૬ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૨૭,૬૨૪ દર્દીઓ રિકવર થઈ ગયા છે. દિલ્હીમાં કોરોનાના કુલ ૪૭,૧૦૨ કેસ નોંધાયા છે જેમાંથી ૧૭,૪૫૭ લોકો સાજા થઈ ગયા છે. દિલ્હીમાં કોરોનાને કારણે અત્યાર સુધી ૧૯૦૪ લોકોના મોત થયા છે. વિશ્વભરમાં કોરના સંક્રમણના અત્યાર સુધીમાં ૮૪ લાખ ૮ હજાર કેસ નોંધાયા છે. જેમા ૪ લાખ ૫૧ હજાર ૪૬૨ લોકોના મોત થયા છે. ૪૪ લાખ ૧૮ હજાર લોકોને સારવાર પછી રજા અપાઈ છે. અમેરિકામાં અત્યાર સુધીમાં ૨૨ લાખ ૩૪ હજાર ૪૭૫ કેસ નોંધાયા છે. જેમા ૧.૨૦ લાખ લોકોના મોત થયા છે. ૯.૧૯ લાખ લોકોને સારવાર પછી રજા અપાઈ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ